## "કુટુંબ નિયોજનને સુખનો વિકલ્પ બનાવીશું"

# આજે વિશ્વ વસ્તી દિવસ ઉજવાશે

### કુટુંબ નિયોજનની મદદથી માતા અને મૃત્યદર, કુપોષણ અને એનિમિયા વગેરે જેવી બાબતો સામે લડી શકાય છે.

ગાંધીનગર, તા. ૧૦

યુનાઈટેડ નેશન દ્વારા ૧૧ જુલાઈ, ૧૯૮૯ની એક સામાન્ય સભામાં વિશ્વમાં વધી રહેલ લોકોની સંખ્યા પ્રત્યે લોકજાગૃતિ લાવવા માટે વિશ્વ સ્તરે વર્લ્ડ પોપ્યુલેશન ડે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

કોઈ પણ દેશની વસ્તી સામાન્યરૂપે તે દેશ માટે હ્યુમન રિસોર્સ હોય છે. પરંતુ એના માટે પણ એક મર્યાદિત સંખ્યા આંકવામાં આવતી હોય છે. જ્યારે વસ્તી તેની સીમાને પાર કરે ત્યારે તે દેશમાં સામાજિક અને આર્થિક સમસ્યાઓનું સર્જન થાય છે.

વસ્તી વધારાને કારણે દેશને અને કુટુંબને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આ પડકારને પહોંચી વળવા માટે આપણે એક સંકલ્પ લેવો જોઈએ અને એ છે, 'કુટુંબ નિયોજનનો સંકલ્પ'. તમે બધાએ સાંભળ્યુ જ હશે 'નાનો પરિવાર સુખી પરિવાર'. માટે 'કુટુંબ નિયોજન'ની મદદથી વસ્તીને કાબુમાં લાવી માતા અને બાળ મૃત્યુદર, કુપોષણ, એનેમીયા વગેરે જેવી બાબતો સામે લડી શકાય છે. તથા એક અથવા બે બાળકોને કારણે બાળકનો સર્વાંગી વિકાસ થાય છે, તેને પુરતુ અને યોગ્ય શિક્ષણ મળી રહે છે ઉપરાંત તેનો શારીરિક અને માનસિક વિકાસ સુદ્રઢ બને છે. સાથોસાથ કુટુંબની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થાય છે.



કુટુંબ નિયોજન માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેમાં દંપતીઓની કુટુંબ કલ્યાણની કાયમી અને બિન કાયમી પધ્ધતિઓ જેવી કે પુરૂષ નસબંધી, સ્ત્રી નસબંધી, કોપર-ટી(પીપીઆઈયુસીડી), ગર્ભનિરોધક ગોળીઓ, ઈમરજન્સી પીલ, છાયા, અંતરા, નિરોધ વગેરે દ્વારા અનિચ્છનીય ગર્ભાધારણ રોકી 'નાનું કુટુંબ-સુખી કુટુંબ'ના લક્ષ્યને સાધી શકાય છે.

નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-પના આંકડા મુજબ વસ્તી નિયંત્રણ માટે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૨.૧ % પ્રજનન દર ના લક્ષ્યાંકની સામે ગુજરાતે વર્ષ ૨૦૨૦ માં જ ૧.૯ %નો લક્ષ્યાંક સિધ્ધ કર્યો છે.

લાંબા સમયથી ગુજરાત સરકાર ના આરોગ્ય વિભાગ દ્વારા કુટુંબ નિયોજન ક્ષેત્રે કરવામાં આવી રહેલી કામગીરીનું આ પરિણામ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં રાજ્યની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં મળીને કુલ ૬.૬૪ લાખ જેટલી મહિલાઓએ કુટુંબ નિયોજન માટે કોપર ટી મૂકાવી છે. તેમાં પણ સરકારી હોસ્પિટલમાં થયેલ પ્રસૂતિમાંથી કુલ ૪ લાખ જેટલી મહિલાઓએ PPIUCD(પોસ્ટ પાર્ટમ ઈન્ટ્રા યુટ્રાઈન કોન્ટ્રાસેપ્ટીવ ડિવાઈઝ) પ્રસૂતિ બાદના ૪૨ દિવસમાં જ કોપર ટી મૂકાવી છે.

કુટુંબ નિયોજન સ્ત્રી વ્યંધિકરણ માટે કરવામાં આવતા ઓપરેશનમાં પણ રાજ્યમાં કુલ ૩,૦૮,૯૭૬ બહેનોએ સ્ટરીલાઈઝેશન ઓપરેશન અને ૧,૨૨૩ પુરુષોએ નસબંધી કરાવી છે.

રાજ્યમાં વસ્તી નિયંત્રણ માટે વધુમાં વધુ જાગૃકતા કેળવાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા ૨૭ જુનથી ૧૦ મી જુલાઈ દરમિયાન દંપતિ સંપર્ક પખવાડિયુ ઉજવાયું હતું. હવે ૧૧ જુલાઈ થી ૨૪ જુલાઈ જન સંખ્યા સ્થિરતા પખવાડિયું ઉજવવામાં આવશે.

ચીન જેવા દુનિયાના સૌથી વધુ વસ્તી ધરાવતાં દેશમાં પણ લાંબા સમયથી અમે બે-અમારું એક ની નિતિ બદલી બે બાળકની હિમાયત કરાઈ છે ત્યારે વસ્તીને સમસ્યા કરતાં સંપત્તિ ગણવાની વૈશ્વિક નિતિ હોવા છતાં આપણા દેશમાં તો આજે પણ વસ્તી અને વસ્તીવૃદ્ધિ એ સમસ્યા જ છે. આશા રાખીએ કે આવા દિવસોની ઉજવણી દ્વારા આપણે સૌ આ ગંભીર સમસ્યા તરફ સભાન થઈ તેનો યોગ્ય ઉકેલ શોધીએ, જેથી કરીને આવનાર પેઢીઓ માટે આપણે કાંઈક સારું મૂકીને જઈ શકીએ.

## વહીવટીતંત્રના પ્રયાસથી વર્ષો જૂના લેન્ડ ગ્રેબિંગ કેસનું નિરાકરણ આવ્યું

### સરકારના પ્રયાસથી વર્ષો પછી મને મારી જમીન પાછી મળશે, જિલ્લા કલેક્ટરશ્રીનો ખૂબ આભારી છું": કિશોરભાઇ પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ખેડૂતના જીવનની ખરી મૂડી એની જમીન હોય છે. ખેડૂત જમીનને એની માતા ગણતો હોય છે. જમીનથી ખેડૂતના ઘરનું ગુજરાન જ નથી ચાલતું પણ એમના જીવનના શમણાં પણ સાકાર થતાં હોય છે. આવી સ્થિતિએ ખેડૂતની જમીન કોઈ પચાવી પાડે તો જે તે વ્યક્તિ ઉપર આભ તૂટી પડે છે. આવી પરિસ્થિતિમાં સરકાર જ એનો આધાર હોય છે. ગાંધીનગર તાલુકાના કાનપુર(છાલા) ગામના ખેડૂત કિશોરભાઈ પૂંજાભાઈ પટેલનો જીવન આધાર એમની જમીન હતી. વર્ષ ૧૯૭૦માં તેમના વડીલે છાલા ગામની જમીન રજિસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણે લીધી હતી. જેમાં વેચાણકારના વારસદારો આ જમીન પર તેમને પ્રવેશ કરવા તેમજ ભોગવટો લેતા અટકાવતા હતા. ઉપરાંત આ લોકો દ્વારા કિશોરભાઈની અન્ય જમીન પણ પચાવી પાડવામાં આવી હતી. તેમની સાથે વારંવાર ઝગડો અને માનસિક હેરાનગતિ કરવામાં આવતી હતી. આ બાબતે કિશોરભાઈએ ઘણી ફરિયાદો નોંધાવી પણ નિવેડો આવતો ન હતો. આવા સમયે 'લેન્ડ ગ્રેબિંગ એક્ટ' તેમની વ્હારે આવ્યો. કિશોરભાઈની જમીન બાબતે જિલ્લા કલેકટરશ્રી હિતેશ કોયાની અધ્યક્ષતા હેઠળ લેન્ડ ગ્રેબિંગ કમિટીએ તપાસ કરી હતી. જેમાં અરજદારના હિસ્સાની જમીન પર અન્ય લોકોનો કબજો હોવાનુ સાબિત થતાં કમિટિના તમામ હાજર સભ્યશ્રીઓએ આ કેસમાં કસુરવાર વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવા માટે નિર્ણય કર્યો હતો. આ નિર્ણયથી કિશોરભાઈને વર્ષોના અંતરાલ બાદ ન્યાય મળ્યો છે. જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસથી તેમની જમીન ઉપરનું ગેરકાયદેસર દબાણ દૂર થયું છે.



સેક્ટર ૨૨, સત્યમ સોસાયટીમાં વરસાદ બાદ રસ્તાની હાલત કફોડી બનતા ગઈકાલે એક પાણી ભરેલા ટેક્રરનું ટાયર ખાડામાં ફસાઈ જતાં ટેક્રર આખું નમી ગયું હતું. અને અવર જવર કરતા લોકો માટે નડતરરૂપ બન્યું હતું



ગાંધીનગરના નવા વિસ્તારોમાં પણ વરસાદી ઋતુમાં પણ પાણી ભરાવાની સમસ્યા સર્જાઇ રહી છે. શહેરના કોબા ગામ વિસ્તાર નજીક ટીપી-૨ ખાતે દેવશ્રુત વિલા સોસાયટીમાં તથા આસપાસમાં વિસ્તારમાં વરસાદી પાણી જળબંબાકાર રીતે ભરાઈ જવા પામ્યા છે. આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી જણાઈ રહ્યું છે.

## ગુડાના પ્રમાણપત્ર અને નકશાની ફી માં વધારો

### વર્ષો બાદ ફેરફાર કરાયો : જાહેર માહીતી અધિકાર નિયમમાં પણ તેનો અમલ થશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ નો મોટાભાગનો વિસ્તાર મહાપાલિકામાં ભેળવી દેવાતા ગુડાનું તંત્ર હાલ આવક ના સ્ત્રોત વધારવા પ્રયત્નશીલ છે. જ્યારે આ અન્વયે પ્રમાણપત્રો અને નકશાની ફી વધારો કરાયો છે. સર્ટિફીકેટના કિસ્સામાં પત્ર દિઠ રૂ ૧૦૦ અને નકશા માટે રૂ ૫૦૦નું ફી નિયત કરવામાં આવી છે જાહેર માહિતી અધિકાર નિયમ અંતર્ગત આપવાની માહિતી સંદર્ભે પણ આ નિયમ લાગુ પડશે

આ મામલે અગાઉ ગુડા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી નકશા અને પ્રમાણપત્રના કિસ્સામાં ફી ના દરમાં વર્ષો બાદ સુધાર કરવામાં આવ્યો છે ગુડાને પડતર કિંમત કરતા પણ ઓછા નુકશાન થતુ હતું. નવા દરથી આવક નહીં વધે પરંતુ નુકશાન પણ ભોગવવું નહી પડે જે નવા દર સુચિત કરવામાં આવ્યા છે. તેમાં ડીપીના પાર્ટ પ્લાન માટે પ્રતિ સર્વે, બ્લોક નંબર માટે રૂપિયા ૫૦૦, ટીપી સ્કીમના પાર્ટ પ્લાનમાં પ્રતિ અંતિમ ખંડ નંબર માટે રૂપિયા ૫૦૦, ઝોનિંગ સર્ટિફીકેટ માટે રૂપિયા ૩ હજાર, ફોર્મ એફ માટે રૂપિયા ૩૦૦, ટીપી સ્કીમનો નકશો પ્લાન નંબર ૩ માટે પ્રતિ સ્કીમ રૂપિયા ૫૦૦૦, ડીપી શીટ્સ માટે રૂપિયા ૩ હજાર પ્રતિ શીટ અને ગુડા ડેવલપમેન્ટ પ્લાનમાં ગુડા અને મહાપાલિકાના જોઈન્ટ મેપ માટે રૂપયા ૫ હજારની ફીનું સુચિત ધોરણ નક્કી કરવામાં આવ્યું છે જ્યારે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ અન્વયે શહેરી વિકાસ સતામંડળ દ્વારા આપવામાં આવતી વિકાસ પરવાનગી, ભોગવટા પ્રમાણપત્ર અને નકશાના સંદર્ભે ફી વસૂલી મામલે બદલાવ કરવામાં આવ્યો છે પ્રમાણપત્રના પત્ર અને પ્રતિ નકશા દિઠ રૂપિયા ૧૦૦ થી ૫૦૦ સુધી ફી વસૂલવામાં આવશે જે જાહેર માહિતી અધિકાર નિયમ અંતર્ગત આપવાની માહિતીના કિસ્સામાં પણ લાગુ કરવામાં આવશે. જો કે આ મામલે આખરી નિર્ણય ઉચ્ચ અધિકારી કક્ષાએ થી લેવાશે

## નવી ગટરલાઈનની કામગીરીમાં ૫૦૦૦ વૃક્ષો નહી કપાય : રીટાબેન

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ દ્વારા પ્રેરિત 'હરિયાળી લોકસભા', ગાંધીનગર લોકસભા' ને સાર્થક કરવા કટિબદ્ધ છીએ. : રીટાબેન

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર ઉત્તર વિધાનસભા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહઅને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ 'હરિયાળી લોકસભા, ગાંધીનગર લોકસભા' ને યથાર્થ બનાવવા હંમેશાથી સંવેદનશીલ અને સક્રિય રહ્યા છે. શ્રી અમિતભાઈ શાહ સ્વયં પણ અનેક વૃક્ષારોપણના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા છે અને વૃક્ષારોપણ અભિયાનની સાથે સાથે નિયમિત રીતે વૃક્ષોનું જતન થાય, યોગ્ય ઉછેર થાય તે સુનિશ્ચિત કરવા અંગે પણ તેઓ તેમના સંબોધનમાં વારંવાર ભાર આપતા રહ્યા છે. ગાંધીનગર લોકસભા ક્ષેત્રને દેશનું સૌથી વધુ હરિયાળું ક્ષેત્ર બનાવવાના તેઓના સ્વપ્નને સાકાર કરવા સૌ ચુંટાયેલા જનપ્રતિનિધિઓ, આગેવાનો તેમજ હરિયાળા પાટનગરના પ્રકૃતિપ્રેમી નાગરિકો કટિબદ્ધ છે.

સ્માર્ટસિટી પ્રોજેક્ટ હેઠળ ગાંધીનગર શહેર વિસ્તારમાં નવીન ગટરલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે ત્યારે શહેરના મુખ્યમાર્ગો પર ગટરલાઈનની કામગીરી અંગે પાટનગર યોજના વિભાગ દ્વારા નિમાયેલી એજન્સી દ્વારા તૈયાર કરાયેલી ડિઝાઈનમાં ૫૦૦૦ જેટલા વૃક્ષ કાપવા પડે તેવી સ્થિતિ હતી ત્યારે ધારાસભ્ય રીટાબેન પટેલે ગાંધીનગર માર્ગ અને મકાન વિભાગ ના અધિકારીઓ સાથે બેઠક કરી, તેમજ સબંધિત વિભાગ સાથે પરામર્શ કરી ડિઝાઈનમાં ફેરફાર કરી એક પણ વૃક્ષ કપાયા વગરગટરલાઈનની કામગીરી થાય તે માટે કવાયત કરી હતી જેમાં સફળતા મળી છે. જૂની ડિઝાઈન મુજબ જે ૫ હજાર વૃક્ષ કપાવવાની સ્થિતિમાં હતા હવે તેમાંથી એક પણ વૃક્ષ કપાશે નહી.

## ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિમાં લીગલ વોલેન્ટિયર્સની નિમણૂક કરાશે

ગાંધીનગર,તા.૧૦

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની પારા લીગલ વોલેન્ટિયર્સ સ્કીમ-૨૦૧૦ અંતર્ગત ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ તાલુકાની તાલુકા કાનૂની સેવા સમિતિની કચેરી ખાતે પારા લીગલ વોલેન્ટિયર્સની નિમણૂક કરવામાં આવશે. આ માટે શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો, નિવૃત્ત સરકારી કર્મચારી, એમ. એસ. ડબલ્યુ. ના વિદ્યાર્થી કે શિક્ષક, આંગણવાડીના કાર્યકર, ડોક્ટર, બિન રાજકીય સભ્યો, સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો તથા વુમન નેબરહુડ ગ્રુપના સભ્યો પૈકી સ્વૈચ્છિક રીતે આ કામગીરીમાં જોડાવા માગતા લોકોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી નિયત નમૂનાનું ફોર્મ મેળવી તેમાં વિગતવાર માહિતી ભરીને આગામી તારીખ ૧૭ જુલાઈ, ૨૦૨૩ સુધીમાં પરત કરવા તેમજ વધુ માહિતી માટે મંડળનો સંપર્ક સાધવા મંડળના સચિવની યાદીમાં જણાવાયુ હતું.

## સે.૧૬માં પાયોવિનું શૌચાલય જ બન્યું "ગંદકીનું ઘર...!!!"

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં વિવિધ સ્થળે જાહેર શૌચાલયની સાફસફાઈ બાબતે ભારે બેદરકારી દાખવાવામાં આવતી હોવાના કિસ્સા બહાર આવી રહ્યાં છે. સેક્ટર-૭માં મુખ્ય શોપિંગ સેન્ટર પાછળના જાહેર શૌચાલયની હાલત અત્યંત બદતર છે ટ્વિની શાહી હકુ સુકાઈ નથી ત્યાં સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવન ખાતે બનાવાયેલ શૌચાલયમાં પ્રવેશી પણ ના શકાય તેવી નર્કગાર જેવી સ્થિતિ જોવા મળી રહીછે. પાટનગર યોજના ભવનના જે ભાગે આ શૌચાલય આવેલું છે ત્યાંથી વન વિભાગની અને પાયોવિના ઈલેક્ટ્રેકિલ વિભાગની કચેરીઓમાં જવાની સીડી છે તેમજ ઉપર પંચાયત સિંચાઈ વર્તુળ,



અને ગુજરાત ટુરિઝમની કચેરીઓ આવેલી છે. આ સીડીના નીચેના ભાગે ટોયલેટ બનાવાયું છે જેની સફાઈમાં પણ ગંભીર બેદરકારીના કારણે તે ગંદકીથી ખદબદી રહ્યું છે. આ બિલ્ડીંગમાં મુલાકાતીઓની સતત અવરજવર રહે છે જેઓ આ શૌચાલયનો લઘુશંકા માટે પણ ઉપયોગ કરી શકતા નથી તો ગુરૂશંકા હોય તો તેનું સમાધાન કેવી રીતે કરે ? પ્રજાના પૈસે વિકાસાવાયેલી જાહેર સંપત્તિનો લાંબા સમયથી તંત્રની બેદરકારીના કારણે પ્રજા ઉપયોગ કરી શકતી નથી જે માટે જવાબદારો સામે પગલાં ભરવા જોઈએ તેવી અત્રેની કચેરીના કર્મચારીઓ અને મુલાકાતીઓમાં લાગણી પ્રવર્તી રહેલી જણાય છે.

## સે.૩૦માં વેસ્ટ કલેક્શન વાન ફસાઈ ભૂવાઓને કારણે નાગરિકોમાં રોષ



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં ચોમાસની ઋતુ શરુ થતાં જ મોટા ભાગના સેક્ટરમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા જોવા મળી રહી છે. આ સાથે સેક્ટરોના આંતરિક માર્ગો પર વિકાસ કર્યો માટે કરવામાં આવેલા ખોદકામમાં અપૂરતા માટીપુરાણને કારણે ઠેર ઠેર ભૂવા સર્જાઇ રહ્યાં છે જેમાં વાહનો ફસાઈ જવાની ઘટનાઓ વધી જવા પામી છે. ગઈકાલે સવારે સેક્ટર-૨૬માં આંતરિક માર્ગો પર એક મિલ્ક વાન સહીત અનેક ગાડીઓ ફસાઈ જવા પામી હતી. આજે સેક્ટર-૩૦માં કચરાની ગાડી ફસાઈ જવા પામી હતી. સેક્ટરોના આંતરિક માર્ગો પર જે પ્રકારે સ્થિતિ સર્જાઈ રહી છે તેના કારણે શહેરીજનો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યાં છે અને શહેરીજનોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં સેક્ટર-૩૦માં ગુજરાત હાઉસિંગ બોર્ડ સર્વોદયનગર સોસાયટીના મકાન નંબર-૨ પાસે આજે એક વેસ્ટ કલેક્શન કેરિયર વ્હીકલ રોડ પર જ માટી પોલાણમાં ફસાઈ જવાપામ્યું હતું. શહેરમાં ૨૪ કલાક પાણી, ગટર અને વરસાદી પાણીના નિકાલની લાઈન વગેરેના નવીનીકરણ સહિતના વિવિધ વિકાસ કાર્યો અંતર્ગત કરવામાં આવેલા ખોદકામમાં અપૂરતા માટી પુરાણના કારણે પડી રહેલા ભૂવા પાડવાની સમસ્યા માઝા મૂકી રહી છે. વિકાસ કાર્યો કરતી એજન્સીઓ દ્વારા માટી પુરાણના કાર્યમાં લાલિયાવાડી ચલાવવામાં આવી છે તેવું નાગરિકોને સ્પષ્ટપણે અનુભવાઈ રહ્યું છે. સેક્ટરના આંતરિક માર્ગો પરથી ટુવહીલર લઈને પસાર થવું પણ જોખમી બન્યું છે. નાગરિકોના વાહનો ફસાઈ જાય છે અને તેમની ફરિયાદો કોઈ સાંભળતું નથી. આ સ્થિતિમાં નાગરિકોમાં રોષ સ્વાભાવિક રીતે વધી રહ્યો છે.



મહાલક્ષ્મી રહેવાસી રેસીડેન્સી પેથાપુરમાં દીપયજ્ઞ સંમ્પન,ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો હતો.



ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લિ.ના નવીન પ્રમુખ હસમુખભાઈ પ્રજાપતિ (નવા કોબા પગાર કેન્દ્ર) તેમજ મંત્રી જયેશભાઈ પટેલ (મહુન્દ્રા પ્રા.શાળા) એ વિધિવત રીતે ચાર્જ લીધો છે.

## શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનર મંડળના સભ્યોની સામૂહિક ઉજવણી



ગાંધીનગર, તા.૧૦

શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનર મંડળના સભ્યો નો જુન મહિનામાં જન્મ દિવસ હતો તેવા ૩૦ જૂને નિવૃત્તિ પામેલા સભ્યો દ્વારા તેની સામૂહિક ઉજવણી, સહભોજન સાથે તા.૦૯મી જુલાઈ, રવિવારના રોજ સવારે ૧૧ કલાકે સેક્ટર-૧૨માં જીસીઈઆરટી કેમ્પસમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે યોજવામાં આવી હતી. જે સભ્યોના જન્મ દિવસ જુન મહિનામાં હતા તે પૈકી સૌથી વડીલ મિત્રો દશરથભાઈ જાદવ, અમૃતલાલ સુથાર, પ્રહલાદભાઈ લેઉવા તથા આઈ.કે.પટેલ દ્વારા કેક કાપીને જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રઘુસિંહ ગોલ, અમૃતલાલ સુથાર, પેન્શનર મંડળના પ્રમુખ આઈ.કે.પટેલ, સાહિલ પરમાર, ચંદ્રકાંતભાઈ સોલંકી, જયેન્દ્રભાઈ વ્યાસ, ભગુભાઈ સિંઘલ તથા જગદીશભાઈ પરમાર તથા નાગજીભાઈ ચૌધરીએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યા હતા તેમજ દરેક સભ્યોને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પ્રમુખ નાગજીભાઈ ચૌધરી તથા ડીએટી કચેરીના ડી.કે.પટેલ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફ પેન્શનર મંડળના મહામંત્રી જી.કે.પરમારે કર્યું હતું. શ્રવણકુમાર પરમારે કરોકે ફીલ્મી ગીતો ગાઈને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ જોશીએ કર્યું હતું અને આભાર વિધિ અમૃતલાલ સુથારે કરી હતી. હાજર રહેલા સભ્યોએ આવી દર ત્રિમાસિક ઊજવણી કરવા લાગણીઓ રજૂ કરી હતી.